" સૌ ભણે ,સૌ આગળ વધે "

જા.નં.જિ.પં./શિક્ષણ/અ–૪/વશી/૨૦૪ /૨૦૧૮
જિલ્લા શિક્ષણ સમિતિ,જિ.પં.પાટણ
તા.૨૫/ ૩ /૨૦૧૮

## પરિપત્ર

**વિષય :–વાર્ષિક લેખિત કસોટી –૨૦૧૮**

જયભારત સહ ઉપરોકત વિષય અન્વયે જિલ્લા શિક્ષણ સમિતિ,પાટણની તમામ પ્રાથમિક શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, વાર્ષિક લેખિત કસોટી –૨૦૧૮ અંગે ધોરણ –૩ થી ૮ નો કાર્યક્રમ અને સુચનાઓ નીચે મુજબ આપવામાં આવે છે.

| તારીખઅને વાર | સમય | વિષય | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ધોરણ–૩ | ધોરણ–૪ | ધોરણ–૫ | ધોરણ–૬ | ધોરણ–૭ | ધોરણ–૮ |
| ૦૯/૦૪/૨૦૧૮ સોમવાર | ૮:૦૦ થી૧૦:૦૦ | ગુજરાતી | ગુજરાતી | ગુજરાતી | – | - | - |
| | ૮:૦૦ થી ૧૧ : ૦૦ | – | – | – | ગુજરાતી | ગુજરાતી | ગુજરાતી |
| ૧૦/૦૪/૨૦૧૮ મંગળવાર | ૮:૦૦ થી ૧૦:૦૦ | ગણિત | ગણિત | ગણિત | – | – | – |
| | ૮:૦૦ થી ૧૧ : ૦૦ | – | – | – | ગણિત | ગણિત | ગણિત |
| ૧૧/૦૪/૨૦૧૮ બુધવાર | ૮:૦૦ થી ૧૦:૦૦ | પર્યાવરણ/ મારી આસપાસ | પર્યાવરણ/ આપણી આસપાસ | વિજ્ઞાન અને ટેકનોલોજી/ સૌનીઆસપાસ | – | – | – |
| | ૮:૦૦ થી ૧૧ :૦૦ | – | – | – | વિજ્ઞાન અને ટેકનોલોજી | વિજ્ઞાન અને ટેકનોલોજી | વિજ્ઞાન અને ટેકનોલોજી |
| ૧૨/૦૪/૨૦૧૮ ગુરુવાર | ૮:૦૦ થી ૧૦:૦૦ | – | અંગ્રેજી | અંગ્રેજી | – | – | – |
| | ૮:૦૦ થી ૧૧ :૦૦ | – | – | – | અંગ્રેજી | અંગ્રેજી | અંગ્રેજી |
| ૧૩/૦૪/૨૦૧૮ શુક્રવાર | ૮:૦૦ થી ૧૦:૦૦ | – | હિન્દી | હિન્દી | – | – | – |
| | ૮:૦૦ થી ૧૧ :૦૦ | – | – | – | હિન્દી | હિન્દી | હિન્દી |
| ૧૬/૦૪/૨૦૧૮ સોમવાર | ૮:૦૦ થી ૧૧:૦૦ | – | – | – | સા.વિજ્ઞાન | સા.વિજ્ઞાન | સા.વિજ્ઞાન |
| ૧૭/૦૪/૨૦૧૮ મંગળવાર | ૮:૦૦ થી ૧૧:૦૦ | – | – | – | સંસ્કૃત | સંસ્કૃત | સંસ્કૃત |

**પરીક્ષા અંગે સુચનાઓ :–**

૧. ધો–૩ થી ૫ માં સાક્ષરી વિષયની પરીક્ષા ૪૦ ગુણની રહેશે તથા ધો–૬ થી ૮ માં સાક્ષરી વિષયની પરીક્ષા ૮૦ ગુણની રહેશે.

૨. ધો– ૩ થી ૫ ના પ્રશ્નપત્રોના જવાબો પ્રશ્નપત્રમાં જ લખવાના રહેશે. જયારે ધો–૬ થી ૮ ના પ્રશ્નપત્રોના જવાબો અલગ ઉતરવહીમાં બોલપેનથી લખવાના રહેશે.

૩. ધોરણ–૬ થી ૮ ના મૂલ્યાંકન માટે **SCE** મોડયુલ અને તેમાં આપેલ તા. ૯/૭/૨૦૧૨ ના પરિપત્ર અનુસાર મૂલ્યાંકન કરવું અને તે પ્રમાણે પરિણામપત્રક બનાવવું.

૪. જે શાળા પ્રજ્ઞા અભિગમથી શૈક્ષણિક કાર્ય કરે છે. ત્યાં ધોરણ –૩ થી ૫ માં લેખિત પરીક્ષા લેવાની છે.તેમનું પ્રજ્ઞા મૂલ્યાંકન જી.સી.ઈ.આર.ટી.ના તા. ૧૧/૭/૨૦૧૪ ના પરિપત્ર મુજબ કરવાનું રહેશે.

૫. ધોરણ–૧ થી ૮ ના મૂલ્યાંકન માટેજીવન શિક્ષણ સપ્ટેમ્બર –૨૦૧૧ અને તેમાં છપાયેલા ૧૧/૮/૨૦૧૧ ના પરિપત્ર અનુંસાર મૂલ્યાંકન કરવું તથા જીસીઈઆરટીના પત્ર તા. ૧/૮/૨૦૧૪ પ્રમાણે પરિણામપત્રક બનાવવું .

૬. પરીક્ષા દરમ્યાન શાળાઓનો સમય રાબેતા મુજબનો રહેશે તથા પાળી પધ્ધતિથી ચાલતી શાળાઓ એકસહ કરવી.

૭. વિધાર્થીએ મેળવેલ ગુણ જે તે વિષયમાં પ્રથમ ગુણસ્લીપમાં ભરવાના ત્યારબાદ પરિણામપત્રક –પરિશિષ્ટ–ક માં ભરવાના રહેશે.

૮. પ્રિન્ટીંગ પ્રેસ તરફથી પ્રશ્નપત્રોના બંડલો પગાર કેન્દ્રને સોપવાની તા.૦૫/૦૪/૧૮ રહેશે. તેમજ પે.કેન્દ્ર શાળાઓએ પ્રા.શાળાઓને સોંપવાની તા.૦૬/૦૪/૧૮ રહેશે.

૯. લેખિત પરીક્ષાના પ્રશ્નપત્રો પરીક્ષાના નિયત સમય કરતાં ૧૫ મિનીટ પહેલાં મુખ્ય શિક્ષકશ્રીએ સીલબંધ કવર ખોલવા. પ્રશ્નપત્રોમાં ક્ષતિ કે ખામી જણાય તો સ્થાનિક સંજોગો અનુસાર પોતાની વિવેક બુધ્ધિનો ઉપયોગ કરી નિયત કાર્યક્રમ મુજબ પરીક્ષા લેવી.આ અંગેની જાણ તાલુકા –જિલ્લા કચેરી ખાતે અવશ્ય કરવી.દરેક પગાર કેન્દ્રમાં વધારાના પાંચ પ્રશ્નપત્રો આપેલા છે.જો ખૂટે તો સંબંધિત પગાર કેન્દ્રનો સંપર્ક કરવો.

૧૦. દરેક પગાર કેન્દ્રએ પ્રશ્નપત્રોના બંડલ મળ્યા બદલની પહોચ તુર્તજ જિલ્લા કચેરીએ મોકલવી.

૧૧. પરીક્ષાની ગુપ્તતા અને ગંભીરતા દરેક શિક્ષકશ્રીએ જાળવવી.

(પાછળ)

૧૨. પરીક્ષા દરમ્યાન ઉકેલપત્ર કે ઉતરવહી ચકાસણીનું કામ કરવું નહી.તેમજ પરીક્ષા ખંડમાં પરીક્ષાને લગતું કોઈપણ સાહિત્ય ,ટી.એલ.એમ.કે અન્ય સામગ્રી રાખવી નહી.

૧૩. પરીક્ષાર્થી પૂર્ણ સમય પરીક્ષા ખંડમાં બેસે તેવો ખાસ આગ્રહ રાખવો.

૧૪. શાળાએ દરેક વિષયોમાં જરૂરી સામગ્રી શાળા કક્ષાએથી અવશ્ય પુરી પાડવી .જેમ કે ,ધોરણ–૬ માં ગુજરાતનો નકશો અને આલેખ ,ધોરણ–૭ માં ભારતનો નકશો અને ધોરણ–૮ માં દુનિયાનો નકશો.

૧૫. ઉનાળુ વેકેશન તારીખ– ૦૧/ ૫ /૨૦૧૮ થી તા.૦૪ /૬/૨૦૧૮ રહેશે.તારીખ –૦૫/૬/૨૦૧૮ ના રોજ શાળા રાબેતા મુજબ ખુલશે.

૧૬. ધોરણ–૧ અને ૨ માં વિધાર્થીના પ્રગતિ પત્રકો અને પરિણામપત્રકો બનાવવાના રહેશે.પ્રત્યક્ષ ગ્રેડીગ પધ્ધતિથી ગ્રેડ–એ,બી,સી. પૈકી યોગ્ય ગ્રેડ આપવાના રહેશે.

૧૭. ધોરણ–૧ થી ૮ ના તમામ બાળકોને જિલ્લા શિક્ષણ સમિતિ,પાટણ દ્વારા મળેલ પ્રગતિપત્રક અવશ્ય આપવા.જેમાં બાળકનો તથા અન્ય બાબતનો સમાવિષ્ટ છે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
જિલ્લા પંચાયત ,પાટણ

**નકલ સવિનય રવાના :–**

૧. નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણ ગુ.રા. ગાંધીનગર તરફ જાણ સારૂ
૨. નિયામકશ્રી,જી.સી.ઈ.આર.ટી.ગાંધીનગર તરફ જાણ સારૂ
૩. કલેકટરશ્રી,પાટણ તરફ જાણ સારૂ
૪. નાયબ કલેકટરશ્રી,(મ.ભો.યો)પાટણ તરફ જાણ સારૂ
૫. પ્રાચાર્યશ્રી,જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ,પાટણ તરફ જાણ સારૂ

**નકલ રવાના :–**

૧. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી ,તમામ
૨. મામલતદારશ્રી,તમામ
૩. તાલુકા વિકાસ અધિકારીશ્રી,તમામ
૪. બીટ કેળવણી નિરીક્ષકશ્રી,તમામ
૫. સિનિયર લેકચરરશ્રી,સી.એમ.ડી.ઈ. શાખા ,ડાયટ –પાટણ
૬. શાસનાધિકારીશ્રી,નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ,સિધ્ધપુર
૭. પ્રમુખ / મહામંત્રીશ્રી,જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ,પાટણ
૮. બી.આર.સી. / સી.આર.સી કો.ઓ.શ્રી ,તમામ
૯. મુખ્ય શિક્ષકશ્રી,તમામ પ્રાથમિક શાળા